# ચીલો ચાતરીને રચાયેલી મહાભારતકથા: પાંડવ ચરિત્ર



મહાભારત વિશ્વને ભારતીય સાહિત્ય જગતનું સૌથી મોટું પ્રદાન છે. રામાયણ જગતનું પહેલું મહાકાવ્ય છે અને મહાભારત દુનિયામાં આજપર્યંત રચાયેલ મહાકાવ્યોમાં સૌથી મોટું મહાકાવ્ય છે. વાલ્મીકિ અને વેદવ્યાસથી મોટા કવિઓ ભૂતકાળમાં થયા નથી અને ભવિષ્યમાં થવાના નથી એ મુદ્દે રવીન્દ્રનાથ ટાગોરથી લઈ ઉમાશંકર જોશી સુધીના મોટા ગજાના સર્જકો સર્વસંમતિ ધરાવે છે. મહાભારતમાં જે નથી ચર્ચાયું એવું દુનિયામાં કંઈ જ નથી અર્થાત મહર્ષિ મહાકવિએ કોઈ ને કોઈ ઘટના કે પાત્ર મારફત માનવજીવનનાં તમામ પાસાં અને બધાં જ સારાનરસા વિષયો આવરી લીધાં છે. એ એક એવી એન્સાઈક્લોપીડિયા છે જેમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની તમામ સમસ્યાઓનો ચિતાર છે અને ઉપચાર છે. સનાતન ધર્મમાં સર્વમાન્ય ગણાતા ધર્મગ્રંથની પ્રતિષ્ઠા ધરાવતી ‘ શ્રીમદ્ ભગવદ્ ગીતા ‘ મૂળે તો મહાભારત નામના મહાસાગરમાં રમતું ઝરમર ઝરણું છે જેણે શોપનહોવર અને આઈન્સ્ટાઈનથી લઈ ગાંધી સહિતના વિશ્વનાયકોને એમની વસમી વેળાએ રસ્તો બતાવ્યો છે.

જરા જુદી રીતે જોઈએ તો મહાભારત એના મહાન કર્તાનું આત્મ વૃત્તાન્ત જ ગણાય. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ત્રણેય વ્યાસના વીર્યથી પેદા થયેલાં નિયોગી સંતાન છે, ભલેએ કહેવા પૂરતા કુરુવંશના વારસદારો કહેવાયા હોય. વળી વ્યાસ એમના મહાકાવ્યમાં વિવિધ તબક્કે રૂબરૂ ઉપસ્થિત થતા રહે છે. જેમ મહર્ષિ વાલ્મીકિ રામાયણની ઘટનાઓમાં સૌથી કરુણ એવા સીતા વનવાસના પ્રસંગેપોતે એના પાલક પિતા જેવું પાત્ર ભજવે છે એમ મહાભારતમાં વ્યાસ કટોકટીના દરેક પ્રસંગે ઉપસ્થિત થયા છે. વ્યાસ બહુ જ પ્રામાણિક મહાકવિ છે. એ કબૂલે છે કે એમની આ મહાન રચના વિશુદ્ધ કવિતા નથી, એ કાવ્ય અનેઈતિહાસનું સુનિયોજિત મિશ્રણ છે. એ શુદ્ધ ઈતિહાસ પણ નથી, એ ઈતિહાસમાં કવિતાની સરવાણી વહેતી કરીને લખાયેલી વિશિષ્ટ સ્મરણસંહિતા છે. કવિ હંમેશાં પોતાની જાતને એક ખાસ ઊંચાઈ પર સ્થાપિત કરવા પ્રયત્નશીલ રહે છે. વ્યાસ પોતે કલમ પકડીનેલખવા બેસવા કરતાં ગૌરીપુત્ર ગણેશની લહિયા તરીકે સેવા લેવાનું નક્કી કરે છે.ગણપતિને બધા દેવો કરતાં મોખરે મૂકી પૂજવા ટેવાયેલી પ્રજાને વ્યાસ જેવા ઋષિની આ ‘ડંફાસ’ પચે ખરી? પણ હું એને કવિનો વિશેષાધિકાર માનું છું. હું તો બહુ જ ઈમાનદારી પૂર્વક કહેતો અને લખતો રહ્યો છું કે આપણને પ્રાપ્ત થયેલા ઈશ્વરના અવતારો કોઈ મહાકવિની કરુણાજન્ય બક્ષિસ છે. વાલ્મીકિ અને વ્યાસ જેવા ઋષિજનોની એ કૃપાપ્રસાદી છે.

હમણાં અમદાવાદ ખાતે યોજાયેલા ઈન્ટરનેશનલ બુક ફેરમાં એક વિદુષી વક્તાએ બહુ જ ભારપૂર્વક જણાવ્યું કે તમે જો TVના પડદે રજૂ કરવામાં આવેલ મહાભારતને મૂળ મહાભારત માનતા હોવ તો એ તમારી ભૂલ છે. એમાંતો દર્શકોને ગમે એવું ઘણું બધું મરીમસાલાની જેમ ઉમેરાયું હતું અને ઘણી અગત્યની બાબતોની બાદબાકી કરી દેવાઈ હતી. અમદાવાદમાંજ પાંચમી ડિસેમ્બરે આયોજિત સુરતના અધ્યાત્મ પરિવાર દ્વારા પ્રકાશિત જૈન મહાભારતના પાંચ ભાગોના સમર્પણ પર્વમાં પાંડવ ચરિત્રના અભિનવ ભાષ્યકાર જૈનાચાર્યશ્રીમદ્ યોગ તિલક સૂરિજીનાં અમૃત વચનો સાંભળવાની તક સાંપડેલી.. એ રચી દીધા પછી ન તો એના કવિને વિષાદ થયો હશેકે ન તો એના શ્રવણથી શ્રાવકો વિષાદ પામશે. વિદ્યમાન વિદ્વાન જૈન સૂરિએ સાતેક વર્ષ અગાઉ આ મહાભારત કથા અમદાવાદના આંગણેજ ચાતુર્માસ દરમિયાન રજૂ કરી હતી.

વ્યાસ મુનિના અને દેવપ્રભસૂરિના દેશમાંજ મહાભારત વિશે જનસાધારણ કેવી બેહૂદી માન્યતાઓ ધરાવે છે! એ મહાન ગ્રંથના પારાયણની વાત તો બાજુએ રહી, એને ઘરમાં વસાવવાથી પણ લોકો ડરે છે. એ બે પરિવારો બલકે એક જ પરિવારના પિતરાઈ ભાઈઓ વચ્ચેના કલહની કથા છે. એવો કલહ જે બેઉનેબરબાદ કરીને જંપે છે.એવો કલહ જે કૃષ્ણ જેવા ઈશ્વરના અવતારની મધ્યસ્થી છતાં શાંત નથી થયો અને લોહિયાળ સંગ્રામમાં પરિણમ્યો છે. ખુદ મહાભારતના મહાન સર્જક એની ગાથા આલેખ્યા પછી વિષાદ અનુભવે છે. નારદને એ વિષાદનું કારણ અને નિવારણ પૂછતાં જવાબ મળ્યો: ઋષિવર, તમે મહાકાવ્ય તો જબરું રચ્યું, પણ આખરે તો એ ભાઈ ભાઈ વચ્ચેની લોહીઝાણ કથા જ બની ને! એમ કરો, હવે પ્રેમ અને ભક્તિનું મહાકાવ્ય રચો. તમારું ખિન્ન હૃદય પુલકિત થઈ જશે. કવિઓના કવિ ગણાયેલા

**જૈન મહાભારત તરીકે જાણીતા આ પાંડવ ચરિત્ર મહાકાવ્યમાં પણ મૂળ મહાભારતમાં સૂક્ષ્મદર્શક યંત્ર લઈ શોધવા બેસીએ તો પણ ના જડે એવા પ્રસંગો અને ભાષ્યકારનાં શીરાની જેમ શ્રાવકના ગળે ઊતરી જાય એવાં અર્થઘટનો વાંચી જૈનાચાર્ય દેવપ્રભસૂરિની સિસૃક્ષા પર આફરીન થઈ જવાયું! એ રીતે મૂલવતાં જૈન મહાભારત મૂળ મહાભારત કરતાં તદ્દન જુદી અને અવનવી માંગલિક કૃતિ બની રહે છે**

મહર્ષિ વેદવ્યાસે મહાભારતની રચના પછી વિષાદ અનુભવ્યો હોય તો આપણે સામાન્ય વાચકો કે શ્રોતાઓ એવો વિષાદ અનુભવીએ એમાં શી નવાઈ? જૈનાચાર્ય આ મુદ્દે વ્યાસકૃત મહાભારતને નવા જૈન વાઘા પહેરાવી રજૂ કરે છે. ઘણા બધા નકારાત્મક પ્રસંગો એમણે ટાળ્યા છે. અહિંસક અર્જુન દ્રૌપદીને પરણવા મત્સ્યવેધ કરતો નથી.એ ‘રાધાવેધ’ કરે છે. રાધા નામે ઓળખાતી પૂતળીની

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

આંખ વીંધે છે. દ્રૌપદી અર્જુનને વરમાળા પહેરાવવા જાય છે પણ ચમત્કાર થાય છે: વરમાળા પાંચેય પાંડવોના ગળામાં પરોવાઈ જાય છે. દ્રૌપદીને એવું વરદાન શિવ તરફથી મળેલું હતું! કુંતીએ ભિક્ષા સરખા ભાગે વહેંચી ખાવાનું કહ્યું એથી દ્રૌપદીને પાંચ પતિઓ સેવવાની ફરજ પડી એવી વ્યાસના મહાભારતમાં આવતી ‘વાહિયાત’ ઘટના જૈન કવિ મહર્ષિને ગળે નથી ઊતરતી. એને એ દ્રૌપદીના પૂર્વભવ સાથે સંકળાયેલી અનિવાર્ય વરદાન-ઘટના તરીકે સ્વીકારી લે છે. જૈન સંત મહાત્માઓ અને દેવી દેવતાઓ આખી કથા દરમિયાન વારંવાર ઉપસ્થિત થઈ સત્યના ઉપાસક નીતિવાન પાંડવોને સહાયક બને છે. રાજખટપટનો ભોગ બનતા નિર્દોષ પાંડવ અનેકવિધ દુ: ખો વેઠીને સાચા સોનાની જેમ ઝળકી ઊઠે છે. વિદુર નીતિ વિશેપણ જૈન મહાભારતમાં કોઈ વિશેષ ઉલ્લેખ નથી થયો. યુદ્ધ અટકાવવાના કૃષ્ણના પ્રયત્નો પણ નિષ્ફળ નીવડે છે અને ભાઈઓ ભાઈઓ વચ્ચે લોહિયાળ સંગ્રામ અનિવાર્ય બની જાય છે ત્યારે એના સાક્ષી બનવા નહીં માગતા વિદુર દીક્ષા લઈ લે છે. પાંડવો પણ મૂળ મહાભારતમાં વર્ણવ્યા મુજબ હેમાળે હાડ ગાળવા નથી નીકળતા પણ દીક્ષા લઈ મોક્ષગામી બને છે. કૃષ્ણને જરાકુમારના બાણથી વીંધાઈ મરવું પડે છે. એમની અંતિમ સંસ્કારવિધિ પણ મૂળ મહાભારતમાંવર્ણવ્યા કરતાંઅલગ રીતેથાય છે. વળી જૈન ધર્મઅવતારવાદમાં નહીં માનતો હોઈ કૃષ્ણનાં કૂટનીતિક કૃત્યોનેમાફ પણ નથી કરતો. એની પાછળ રહેલા ધર્મની તરફેણના લોજિકનેસ્વીકારી એમને મહાપુરુષ જ નહીં, મહારાજા કહી બિરદાવે છે, એટલુંજ નહીં પણ એમને આવનારી ‘ચોવીસી’ના તીર્થંકરપદના અધિકારી ઘોષિત કરે છે. મહાભારતના મહાનાયક તરીકે પણ એ કૃષ્ણની જ પ્રતિષ્ઠા કરે છે.

ભીષ્મ પિતામહનું ભવ્ય ચરિત્ર રજૂ કરવામાંજૈન કવિ કોઈ કસર કરતા નથી. કૌરવ પક્ષે લડીનેએ પાંડવોના જ શુભેચ્છક રહ્યા કારણકે ધર્મઅનેસત્યનો વિજય ઈચ્છતા હતા. સત્તાપિપાસુદુર્યો દુ ધનની ભક્તિ નેવશ થઈ એ ધર્મના વિજયમાંઆડા આવતા હતા એટલે એમને કૃષ્ણ કપટથી શિખંડીને વચ્ચે લાવીને એમના પ્રિય પુત્રવત્અર્જુન દ્વારા જ મરાવે છે. દ્રોણ અને કર્ણને પણ કપટલીલા આચર્યા સિવાય હરાવી કે હટાવી શકાય એમ નહોતા. આ બધું કૃષ્ણની કૂટનીતિક સલાહથી જ શક્ય બન્યું એટલે પાંડવોનેવિજય તો મળ્યો પણ કૃષ્ણનેકર્મફળ ભોગવવુંપડે છે! જૈન મહાભારતમાંવૈમનસ્ય સામેમધુર સૌમનસ્યનો સમારોપ થયો છે. એકલવ્યનેઅંગૂઠો કાપી લેનારા દ્રોણ ગુરુ વહાલા છે અનેઅર્જુન પણ વહાલો છે. ગુરુનેસૌથી વધારે વહાલો લાગતો હોય તો પોતાને શું કામ અળખામણો લાગવો જોઈએ? કર્ણ મરતી વખતે ખુશખુશાલ છે. એના યુદ્ધના નિયમ વિરુદ્ધ થયેલા શિરચ્છેદથી એણે એક કાંકરે બેપક્ષી માર્યા છે: જનેતાની ઈચ્છા મુજબ એણે પોતાના સગા ભાઈને હણ્યો નથી અને મિત્ર દુર્યોધનની મૈત્રી ખાતર ઈમાનદારી પૂર્વક છેલ્લાં શ્વાસ સુધી એને વિજય અપાવવા ખુદ કૃષ્ણનું પ્રલોભન ઠુકરાવી બહાદુરી પૂર્વક લડ્યો છે.

ભલેકથાનો વિપર્યાસ થતો લાગે પણ આ જરા જુદી ભાતનો આસ્વાદ કરાવતું મહાભારત પણ વાંચવા જેવુંછે!!!

# સોશ્યલ મીડિયા
## તમે લાઈક ન કરો તોય છૂટકો નથી

સોશ્યલ મીડિયા પર તમારી ઉપસ્થિતિ આજકાલ અનિવાર્ય બની ગઈ છે. જોકે આજે પણ ઘણા લોકો સોશ્યલ મીડિયા પર નથી. અથવા નિષ્ક્રિય છે. અથવા ચૂપચાપ જુએ છે પણ પોતે કંઈ મૂકતા નથી. સોશ્યલ મીડિયા વિશે પહેલાં એમ મનાતું હતું કે તે માત્ર ટાઈમ પાસ છે. તમે કઈ નોકરીમાં જોડાયા, તમે કાર લીધી, નવું ઘર લીધું, કોઈ ફિલ્મ જોવા તમે ગયા, કોઈ સ્થળે તમે ફરવા ગયા વગેરે માહિતી મૂકવાની. કોઈ જૉક મૂકવાનો અથવા સુપ્રભાત, શુભ રાત્રિ જેવા સંદેશાઓ મૂકવાના.

પરંતુ છેલ્લાં ઘણાં વખતથી સોશ્યલ મીડિયા વિચાર પ્રગટ કરવાનું માધ્યમ બની ગયું છે. તે સાથે જ તેમાં વિડિયોનું તત્ત્વ ઉમેરાતાં તે કમાણીનું પણ સાધન બની ગયું છે. આની શરૂઆત ટિકટૉક નામની ચીની ઍપે કરી હતી. તેણે વિડિયોની લોકપ્રિયતાના આધારે વિડિયો મૂકનારને પૈસા આપવાનું શરૂ કર્યું. ઈ. સ. 2020માં ગલવાન સંઘર્ષ પછી ટિકટૉક પર તો પ્રતિબંધ આવી ગયો પરંતુ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યૂબે ત્રીસસેકન્ડથી લઈને ત્રણ મિનિટ સુધીના ટૂંકા વિડિયોનું ચાલુ કર્યું અને તેને કમાણીનું સાધન બનાવી દીધું. ટૂંકા વિડિયો હોય કે કોઈના દોઢ કલાકના ઈન્ટરવ્યૂ, તે કમાણીનાં સાધન બની ગયા.

તેમાં પાછા બટન ઉમેર્યાં- લાઈક, કૉમેન્ટ અને સબસ્ક્રાઈબનાં. તમને પૉસ્ટ કે વિડિયો ગમે તો લાઈક કરો. તેમાં તમારે વખાણ કે અસંમતિ વ્યક્ત કરવી હોય કે પૂરક માહિતી આપવી હોય તો કૉમેન્ટ કરો અને તમારે એ જ વ્યક્તિ કે સંસ્થાના વિડિયો નિયમિત જોવા છે તો સબસ્ક્રાઈબ કરો. એમાં આવી સંખ્યા. જેની લાઈક, કૉમેન્ટ અને સબસ્ક્રાઈબ આ સોશ્યલ મીડિયાકંપનીઓએ નક્કી કરેલાં ધોરણો મુજબ કે તેથી વધુ હોય તેમને આવક મળે. અને સોશ્યલ મીડિયા તેમને આ નાણાં વિડિયોમાં મૂકાતી જાહેરખબરોમાંથી ચૂકવે. હવે તો ચૂંટણી વખતે રાજકીય પક્ષો જાહેરખબરો મુખ્ય પ્રવાહનાં માધ્યમો-સમાચારપત્રો કે ટીવી ચેનલોમાં ઓછી અને સોશ્યલ મીડિયામાં વધુ આપે છે. લાઈક, કૉમેન્ટ અને સબસ્ક્રિપ્શનથી નાણાં મેળવવાનો ખેલ શરૂ થયો એટલે તેમાં પણ છેતરપિંડી અથવા કહો કે શૉર્ટ કટ આવ્યો. ડિજિટલ માર્કેટિંગ આવ્યું. તમે જેતે સોશ્યલ મીડિયા કંપનીને પૈસા ચૂકવો એટલે તે તમારી પૉસ્ટ કે વિડિયો લોકોને સામેથી દેખાડે કે આ જોવા જેવું છે હોં. લોકો જુએ અથવા ત્યાંથી આગળ વધી જાય તો તમારું ભાગ્ય. પરંતુ વારંવાર દેખાડે તો ક્યારેક મન થઈ પણ જાય કે લાવો, જોઈ તો લઈએ. આ તો બરાબર હતું પરંતુ તેમાં આવ્યો ખેલ ખોટી લાઈક કે સબસ્ક્રાઈબરનો. એટલે કે જે લોકો પોતાની રીતે તમારા વિડિયોને લાઈક ન કરે કે સબસ્ક્રાઈબ ન કરે, પરંતુ તેમને ખબર પણ ન હોય તે રીતે તેમને તમારા સબસ્ક્રાઈબર બનાવી દેવાય કે ફૉલૉઅર બનાવી દેવાય. જો ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર તમે થોડા દિવસ નિષ્ક્રિય રહ્યા તો શક્ય છે કે તમને કોઈના ફૉલૉઅર બનાવી દેવાયા હોય. આમાં અભદ્ર સામગ્રી મૂકનારાના તમે ફૉલૉઅર બની ગયા હોય તેવી પણ પૂરી શક્યતા છે. તમે જો પૈસા ચૂકવો તો તમારી સામગ્રી પર વિદેશથી લાઈક, કૉમેન્ટ કે સબસ્ક્રાઈબર કરી દે જેમાં આફ્રિકાના કે દક્ષિણ પૂર્વ એશિયાના દેશોના લોકો પણ હોઈ શકે જેમને પણ બિચારાને ખબર ન હોય કે તેઓ તમારી સામગ્રી લાઈક કરે છે. અથવા બની શકે કે આવા લોકો બૉટ (એટલે કે નકલી ખાતાંવાળા હોય.) અને તમે કોઈની પૉસ્ટ કે વિડિયો લાઈક કરો કે કોઈની પૉસ્ટ પર કૉમેન્ટ કરો તો તમારા વર્તુળમાં (એટલે કે સોશ્યલ મીડિયાના વર્તુળમાં) રહેલા લોકોને સોશ્યલ મીડિયા કંપની દેખાડે છે કે તમારા મિત્રએ ફલાણાની પૉસ્ટ લાઈક કરી કે તેના પર કૉમેન્ટ કરી છે. હવે જો અભદ્ર પૉસ્ટ કે વિડિયોને તમારા એકાઉન્ટમાંથી લાઈક થઈ હોય કે તમે તે વ્યક્તિના ફૉલૉઅર કે સબસ્ક્રાઈબર

**જો અભદ્ર પૉસ્ટ કે વિડિયોને તમારા એકાઉન્ટમાંથી લાઇક થઈ હોય કે તમે તે વ્યક્તિના ફૉલૉઅર કે સબસ્ક્રાઇબર બની ગયા હો જેની તમને જાણ પણ ન હોય તો તમારા વર્તુળમાં તમારા વિશે લોકો કેવી છાપ બાંધશે?**

બની ગયા હો જેની તમને જાણ પણ ન હોય તો તમારા વર્તુળમાં તમારા વિશે લોકો કેવી છાપ બાંધશે? છીછી ! આવું જુએ છે? આવી વ્યક્તિને ફૉલો કરાય? સબસ્ક્રાઈબ કરાય? અને તમને તો તેની ખબર પણ નથી હોતી. આનો શું ઉપાય છે? કોઈ નહીં. સોશ્યલ મીડિયાકંપનીઓથી માંડીને ગૂગલ જેવાં સર્ચએન્જિન તમારી એક-એક પ્રવૃત્તિની ભાળ રાખે છે. માનો કે કોઈએ તમારી સાથે ફોન પર વાત કરી કે ધર્મેશભાઈના

**અબીલ ગુલાલ**
જયવંત પંડ્યા

ઘરે જવું છે, તમે આવશો? આ ધર્મેશભાઈ તમારા પરિચિત નથી. તમે તેનું નામ પહેલી વાર જ સાંભળ્યું છે. તેનો ફોન નંબર પણ તમારી પાસે નથી. પરંતુ તમારા પરિચિત તમને ત્યાં કોઈ કારણસર લઈ જવા માગે છે. તમે કોઈ કામસર પેલા પરિચિત સાથે ધર્મેશભાઈના ઘરે જતા નથી. એટલે લૉકેશન ટ્રેસ થવાનો પ્રશ્ન પણ નથી. આમ છતાં, તમે તે પછી તરત ફેસબુક ખોલો છો અને તમને ફેસબુક સૂચવે છે કે આ ધર્મેશભાઈને તમારા ‘ફેસબુક ફ્રેન્ડ’ બનાવો. Add as friend. તો ફેસબુકને કેવી રીતે ખબર પડી? આનો અર્થ એ જ થયો ને કે ઍપઈન્સ્ટૉલ કરતી વખતે તેણે માઈકની પરમિશન માગી હતી તેનો દુરુપયોગ કરીને તમે ફોન પર જે વાત કરી તે સાંભળી લીધી. તે વખતે તમારા ફોનનું ઈન્ટરનેટ ચાલુ હતું એટલે એ વાત ફેસબુક સુધી પહોંચી ગઈ અને ઑટૉમેટિક ફેસબુકે ધર્મેશભાઈનું નામ સાંભળી તેને ફેસબુકમાંથી શોધી તમને સૂચવી દીધું. વિચાર કરો, કેટલું ઝીણવટભર્યું કામ ફેસબુક અથવા સોશ્યલ મીડિયા કરે છે.

તાજેતરમાં ‘ઍક્સ’ના સ્વામી અને ઉદ્યોગપતિ એલનમસ્કે લખ્યું હતું કે ફેસબુકે વૉટસઍપને અધધ રકમ ચૂકવીને એમ જ નથી લીધું. એટલે કે તમે વૉટ્સઍપમાં વૉઈસ કૉલ કરો કે વિડિયો કૉલ, આ બંનેની માતૃકંપની મેટા સુધી તમારી વાતચીતનો ડેટા પહોંચી જાય છે. રજેરજની માહિતી તેની પાસે હોય છે. ગૂગલમાં તમે સર્ચ કરો તે ફેસબુકને ખબર પડે છે અને ફેસબુકમાં શું જુઓ છો તેની ગૂગલને ખબર પડે છે. આ એવી નાગચૂડ બની ગયું છે જેના ભરડામાં બધા જ છે, બધાને ખબર છે, બધાને છૂટવું પણ છે અને ચિંતા પણ છે, પરંતુ કઈ રીતે તેનો કોઈ ઉપાય નથી. જગત જમાદાર અમેરિકાના એક મહિના પછી શપથ લઈને રાષ્ટ્રપ્રમુખ પદે બિરાજનારા ડૉનાલ્ડ ટ્રમ્પ પણ ગૂગલ અને ફેસબુકની દાદાગીરીથી ચિંતિત છે. ટ્રમ્પ પર જીવલેણ આક્રમણ થયું તેના સમાચાર જ ગૂગલે બ્લેકઆઉટ કરી દીધા હતા, વિચાર કરો! ફેસબુકના સ્વામી માર્ક ઝુકરબર્ગે સ્વીકાર્યું છે કે કોરોના કાળ દરમિયાન બાઈડેન સરકારે તેના પર દબાણ કર્યું હતું કે કોરોનાને લગતી સામગ્રીને સેન્સર કરવામાં આવે. કેમ્બ્રિજ એનાલિટિકા નામની કંપનીએ ફેસબુકના ઉપભોક્તાઓની માહિતી તેમની સંમતિ લઈને 2016ની અમેરિકા ચૂંટણી અને 2019ની ભારતની લોકસભા ચૂંટણીને પ્રભાવિત કરવા પ્રયાસ કર્યાનું કૌભાંડ બહાર આવ્યું હતું. યુરોપ આ બાબતે ખૂબ કડક છે. ત્યાંની તમે કોઈ પણ વેબસાઈટ ખોલો તો તમને કૂકિઝ અંગે તમારી સંમતિ માગવામાં આવે છે. આ કૂકિઝ એટલે એવી ફાઈલ જે તમે એ વેબસાઈટ ખોલો એટલે તમારા કમ્પ્યૂટર કે મોબાઈલમાં ઑટૉમેટિક આવી જાય. તેના આધારે એ વેબસાઈટના સ્વામીઓને તમારાં સ્થાન, તમારી પસંદગી વગેરે વિશે જાણ થાય. યુરોપની વેબસાઈટમાં કૂકિઝ અંગે સમંતિમાં ત્રણ વિકલ્પો હોય છે- એક્સેપ્ટઑલ, રિજેક્ટ ઑલ અને કસ્ટમાઈઝ. પરંતુ ભારતની વેબસાઈટો ખોલો તો એક જ ઑપ્શન હોય છે- ઍક્સેપ્ટઑલ. આ સોશ્યલ મીડિયા કંપનીઓ ઈસ્ટઈન્ડિયા કંપનીની જેમ નવી સંસ્થાનવાદી કંપની જ છે જે વિશ્વને પોતાનું દાસ બનાવવા માગે છે. અને લોકો વિવશતાથી નહીં, પ્રેમથી તેના દાસ બની પણ રહ્યા છે.



# બધું ધૃતરાષ્ટ્રની અવળી નીતિઓને કારણે જ બન્યું

શ્રીકૃષ્ણે તો પ્રતિજ્ઞા કરી હતી કે હું શસ્ત્ર ધારણ નહીં કરું પરંતુ કૌરવસેનાનું જોર વધી રહ્યું હતું અને પાંડવોની યાતના વધતી હતી ત્યારે શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રને યાદ કર્યું અને તે ચક્ર શ્રીકૃષ્ણના હાથમાં આવી ગયું. સારથિપણું બાજુ પર મૂકીને તેઓ ચક્ર સમેત ભીષ્મ પિતામહ તરફ દોડયા. બધાં પ્રાણીઓ હાહાકાર કરવા લાગ્યા. ભીષ્મ પિતામહ જરાય અસ્વસ્થ થયા નહીં અને ધનુષ તૈયાર કરવા લાગ્યા. ઊલટ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા, ‘‘આવો આવો શ્રીકૃષ્ણ. જો તમારા હાથે હું મૃત્યુ પામીશ તો આલોકમાં અને પરલોકમાં મારું તો કલ્યાણ થશે. આ આક્રમણથી ત્રણે

**મહાભારત**
શિરીષ પંચાલ

લોકમાં મારું ગૌરવ થશે.’’ આમ જોઈને અર્જુન રથમાંથી કૂદીને શ્રીકૃષ્ણની પાછળ દોડયા અને શ્રીકૃષ્ણના હાથ પકડી લીધા પણ ક્રોધે ભરાયેલા શ્રીકૃષ્ણ અર્જુનથી પણ રોકાયા નહીં પણ અર્જુને બહુ બળ વાપર્યું અને કહ્યું, ‘‘તમારો ક્રોધ શમાવો. પાંડવોના તમે તો આશ્રયદાતા છો. હું મારું કર્તવ્યપાલન કરીશ. તમારી આજ્ઞા થશે તો બધા કૌરવોનો અંત આણીશ. આ સાંભળીને શ્રીકૃષ્ણ રાજી રાજી થઈ ગયા. ફરી તે સારથિ બન્યા અને પાંચજન્ય શંખનાદ કર્યો. શ્રીકૃષ્ણને આમ જોઈને કૌરવો કોલાહલ કરવા લાગ્યા.

અર્જુને બાણવર્ષા કરવા માંડી. તેમની સામે દુર્યોધન આવ્યા. ભીષ્મ પિતામહે અને ભૂરિશ્રવાએ દુર્યોધનને સહકાર આપ્યો.

બધાએ અર્જુન પર શસ્ત્રો ફંગોળ્યાં પણ અર્જુન ગાંજ્યો જાય એવો ન હતો. ભીષ્મ અને શલ્યનાં શસ્ત્રોનો તેમણે વિનાશ કર્યો અને કૌરવસેનાની આગેકૂચ અટકાવી દીધી. અર્જુનનાં બાણ રાજાઓ, હાથીઓ, અશ્વોનાં શરીરમાં પ્રવેશ્યાં. અર્જુનના આ પ્રહારોથી ગાંડીવના ટંકારથી કૌરવો ભારે વ્યથિત થયા.

ગાંડીવના ટંકારથી કૌરવોના ધ્વનિ દબાઈ ગયા. ગાંડીવની સામે કોઈનું કશું ચાલતું ન હતું, ઘણાં બધાં વાહનો સહિત નાશ પામ્યાં. લોહીની નદીઓ વહેવા લાગી. આ નદીઓ વૈતરણીનો ભાસ કરાવતી હતી. અર્જુનનું આ પરાક્રમ જોઈ પાંડવો શંખનાદ કરવા લાગ્યા. કૌરવોની સેના પાછળ ખસી અને અર્જુન પોતાની શિબિરમાં આવ્યા. કૌરવોએ પણ કબૂલ્યું - અર્જુન જેવું પરાક્રમ કોઇ વીર કરી નહીં શકે. બધા પોતપોતાની શિબિરોમાં ગયા.

સવાર પડી એટલે ક્રોધે ભરાયેલા ભીષ્મ સજ્જ થયા. તેમની આસપાસ કૌરવોના મહારથીઓ પણ વીંટળાઈ વળ્યા અને કૌરવસેના અર્જુનનો મુકાબલો કરવા તત્પર થઈ. અર્જુને પણ પોતાના શત્રુઓને જોયા.



યુધિષ્ઠિરે પણ વ્યૂહરચના કરી, તે બહુ અભૂતપૂર્વ હતી. બધા પોતપોતાના શંખનાદ કરવા લાગ્યા. ચારે બાજુ ધૂળની આંધી ઊઠી. હાથી-અશ્વ ઘાયલ થઈને ધરતી પર ઢળી પડયા હતા. હાથીઓના પગ તળે કેટલાય સૈનિકો કચડાઈ ગયા. કૌરવ સેનાપતિઓએ અભિમન્યુને આગળ વધતાં અટકાવ્યો પણ અભિમન્યુ અડગ રહ્યા. તેમની સામે કોઈ ટકી ન શકયું, કોઈ કૌરવ સેનાપતિ તેમને અટકાવી ન શકયો. બીજી બાજુ કૌરવોએ અર્જુનને ઘેરી લીધા.

બીજી બાજુએ શલ્યપુત્ર અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચે સંહાર શરૂ થયો પણ એમાં ધૃષ્ટદ્યુમ્ને સામા શત્રુને મારી નાખ્યા.

આ સાંભળીને ધૃતરાષ્ટ્રે કહ્યું, ‘‘હું તો પુરુષાર્થ કરતાં દૈવને મહત્ત્વ આપું છું અને તમે મને કૌરવ સૈનિકોના મૃત્યુના જ સમાચાર સંભળાવો છો, પાંડવોની વાત આનંદથી કરો છો. કૌરવ સૈનિકો પુરુષાર્થ વગરના થઈ ગયા છે અને એવા જ સમાચાર મને આપ્યા કરો છો.

કૌરવો ગમે તેટલી શૂરવીરતાથી લડે તો પણ પાંડવોનો જ વિજય થાય છે. એવું લાગે છે કે મારે દુર્યોધનને કારણે ઘણી

**તમારો ક્રોધ શમાવો. પાંડવોના તમે તો આશ્રયદાતા છો. હું મારું કર્તવ્યપાલન કરીશ. તમારી આજ્ઞા થશે તો બધા કૌરવોનો અંત આણીશ**

કડવી વાતો સાંભળવી પડે છે. પાંડવો પરાજિત થાય એવી કોઇ શક્યતા દેખાતી નથી.’’ આ સાંભળીને સંજય વાસ્તવિકતા સમજાવીને કહે છે આ બધું તમારા અન્યાયનું પરિણામ છે.

શલ્યની તીરવર્ષાથી પીડાયેલા ધૃષ્ટદ્યુમ્ને હવે શલ્ય પર આક્રમણ કર્યું. શલ્યની આગેકૂચ અટકાવી દીધી પણ બંને સરખેસરખા દેખાતા હતા. પણ પછી શલ્યે ધૃષ્ટદ્યુમ્નનું ધનુષ તોડી નાખ્યું ધૃષ્ટદ્યુમ્નની મદદે અભિમન્યુ આવ્યો અને તેણે શલ્ય ઉપર આક્રમણ કર્યું. શલ્યને ઘાયલ કર્યા. હવે કૌરવ સેનાપતિઓ આગળ આવ્યા. કૌરવસેનાના મહારથીઓ શલ્યનો બચાવ કરવા આવ્યા. શત્રુઓનો વધ કરવાની ઈચ્છા બંનેમાં હતી અને આ બધું ધૃતરાષ્ટ્રની અવળી નીતિઓને કારણે જ બન્યું. આમ તો બધા એકબીજાના ભાઈ હતા પણ આ તો ભાઈઓ વચ્ચેનું યુદ્ધ હતું. અભિમન્યુએ કૌરવોને ઘાયલ કર્યા.

હવે આ જોઈને ભીમસેને દુર્યોધનનો વધ કરવાની ઈચ્છાથી ગદા ઉઠાવી, પરિણામે કૌરવપુત્રો ભાગી ગયા. પરિણામે દુર્યોધને ક્રોધે ભરાઈને ધૃષ્ટદ્યુમ્નને બાણ મારીને ઘાયલ કર્યો. ભીમસેનને જોઈને કૌરવો ભાગી ગયા. આને કારણે દુર્યોધને સેનાને આગળ કરી અને ભીમસેન પર આક્રમણ કર્યું. ભીમસેન રથમાંથી નીચે ઊતરીને ગજસેના સામે દોડયા. ભીમસેનની ગર્જનાથી હાથીઓ નિશ્ચેષ્ટ થઇને ધરતી પર ઢળી પડયા. પાંડવ સેનાએ પણ આક્રમણ કર્યું. તેમાં દ્રૌપદીનાં પાંચે પુત્ર, અભિમન્યુ, નકુલ-સહદેવ, ધૃષ્ટદ્યુમ્ન આ બધાએ હાથીઓ પર બાણવર્ષા કરવા માંડી.